



સુવિચાર : હું ચિંતાને દરદ માની સુરા પી જાઉં છું કારણ, કિતાબોમાં દવા સાથે સુરાનું નામ આવે છે- જલન માતરી

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૯૪ | ૧૩ જૂન, ૨૦૧૫, શનિવાર ; જેઠ વદ - ૧૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


# રાજ્યના વહીવટીતંત્રમાં ધરખમ ફેરફારો

## મોડી સાંજે ૩૦ ઉચ્ચ સનદી અધિકારીઓ બદલા : ગૃહ સચિવ તરીકે પી. કે. તનેજા અને સામાન્ય વહીવટ વિભાગના સચિવ જે. એન. સિંઘની નિમણુંક કરાઈ જ્યારે એસ. જે. હૈદરની પ્રવાસન સચિવ તરીકે નિમાયા

ગાંધીનગર, તા. ૧૨

શુક્રવારે મોડી સાંજે રાજ્ય સરકારના ઉચ્ચ ૩૦ સનદી અધિકારીઓની બદલીના હુકમો થતાં વહીવટી તંત્રમાં ધરખમ ફેરફારો કરાયા છે. રાજ્યના નાણા વિભાગના અધિક મુખ્ય સચિવ જે. એન. સિંઘને સામાન્ય વહીવટ વિભાગમાં મુકાયા છે જ્યારે વન પર્યાવરણ વિભાગના અધિક મુખ્ય સચિવ પી. કે. તનેજાને ગૃહ વિભાગમાં અધિક મુખ્ય સચિવ તરીકે નિમણુંક અપાઈ છે.

કેન્દ્ર સરકારમાંથી પરત ફરેલા પી. કે. ગેરા જીએમડીસીના મેનેજીંગ ડિરેક્ટર તરીકે નિમાયા છે. પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ વિભાગના અગ્ર સચિવ પુનમચંદ પરમાર વન


● અનુસંધાન પાન-૭ પર


### કોની બદલી - ક્યાં

| નામ | હાલની જગ્યા | બદલીની જગ્યા |
|---|---|---|
| જે. એન. સીંઘ | અધિક મુખ્ય સચિવ નાણા વિભાગ | અધિક મુખ્ય સચિવ સામાન્ય વહીવટ |
| પી. કે. તનેજા | અધિક મુખ્ય સચિવ વન-પર્યાવરણ | અધિક મુખ્ય સચિવ ગૃહ વિભાગ |
| પી. કે. ગૈરા | રાજ્ય સરકારમાં પરત | એમ. ડી. જીએમડીસી |
| પુનમચંદ પરમાર | અગ્ર સચિવ-પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ વિભાગ | અગ્ર સચિવ વન પર્યાવરણ વિભાગ |
| ડૉ. રાજીવકુમાર ગુપ્તા | અગ્ર સચિવ પાણી પુરવઠા વિભાગ | અગ્ર સચિવ શહેર વિકાસ વિભાગ |
| બી. બી. સ્વૈન | ઉપાધ્યક્ષ- એમ.ડી. જીઆઈડીસી, ગાંધીનગર | અગ્ર સચિવ પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ વિભાગ |
| મોના ખંધાર | સચિવ શહેરી વિકાસ વિભાગ | સચિવ કૃષિ સહકાર વિભાગ |
| કે. શ્રીનિવાસન | અગ્ર સચિવ સામાન્ય વહીવટ | અગ્ર સચિવ મહેસુલ |
| મુકેશ પુરી | અગ્ર સચિવ શિક્ષણ વિભાગ | અગ્ર સચિવ નર્મદા જળસંપત્તિ |
| પંકજ જોષી | વિકાસ કમિશનર ગાંધીનગર | અગ્ર સચિવ શિક્ષણ વિભાગ |
| મનોજ અગ્રવાલ | એમ. ડી. જીએમડીસી | ઉપાધ્યક્ષ-એમ.ડી. જીઆઈડીસી |
| જયંતિ રવી | કમિશનર શ્રમ, ગાંધીનગર | કમિશનર ગ્રામ વિકાસ |
| એસ. જે. હૈદર | સચિવ વિજ્ઞાન અને ટેકનોલોજી | સચિવ પ્રવાસન વિભાગ |
| ધનંજય દ્વિવેદી | સચિવ સમાન્ય વહીવટ | સચિવ વિજ્ઞાન અને ટેકનોલોજી |
| આર. એમ. જાદવ | એમ. ડી. પછાતવર્ગ વિકાસ નિ. | ખાસ કમિશનર નિર્મળભારતઅભિયાન |
| એમ. એ. નરમાવાલા | કમિશનર સહકાર રજીસ્ટ્રાર | કમિશનર મત્સ્યોદ્યોગ |
| હારીત શુક્લા | એમ. ડી. ઉત્તર ગુજરાત વીજ કંપની, મહેસાણા | વિકાસ કમિશનર ગાંધીનગર |
| એન. પી. ઠાકર | સચિવ માનવ અધિકાર પંચ ગાંધીનગર | નિયામક- સેટલમેન્ટ કમિશનર લેન્ડ રેકર્ડ, ગાંધીનગર |
| એમ. થેનારસન | નાયબ મ્યુનિ. કમિશનર અમદાવાદ | કમિશનર જીઓલોજી માઈનીંગ |
| એન.બી ઉપાધ્યાય | કલેક્ટર જામનગર | રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ ગાંધીનગર |
| અનુપમ આનંદ | અ.મુ.કા.અધિકારી ગુ. શહેરી વિકાસ મીશન ગાંધીનગર | એમ. ડી. ઉત્તર ગુજરાત વીજ કંપની, મહેસાણા |
| ડૉ. નરેશકુમાર મીના | કમિશનર યુવક સેવા સાંસ્કૃતિક | નાયબ મ્યુનિ. કમિશનર વડોદરા |
| તુષાર ધોળકીયા | નાયબ સચિવ શ્રમ-રોજગાર વિભાગ | નિયામક નાગરિક સંરક્ષણ |
| એચ. કે. પટેલ | ડી. ડી.ઓ. પાલનપુર | કલેક્ટકર જામનગર |
| ડૉ. ગૌરવ દહીયા | નાયબ સચિવ આરોગ્યપરિવાર કલ્યાણ | ડી.ડી.ઓ. - પાલનપુર બનાસકાંઠા |
| સુનિલકુમાર ધોલી | નાયબ સચિવ અપીલ, ઉદ્યોગ-ખાણ વિભાહ | કમિશનર મધ્યાહ્ન ભોજન ગાંધીનગર |
| રૂપવંત સીંઘ | એમ. ડી. ઈન્ડેક્ષ્ટ-બી | કમિશનર શ્રમ, ગાંધીનગર |
| ડૉ. એસ મુરલીક્રિષ્ના | એમ. ડી. ગુજરાત શહેરી વિકાસ કંપની | અ.મુ. કારોબારી અધિ. ગુજરાત શહેરી મીશન ગાંધીનગર |
| રતનકંવર ગઢવીચારણ | નાયબ વિકાસ કમિશનર ગાંધીનગર | અધિક ગ્રામ વિકાસ કમિશનર, ગાંધીનગર |
| રંજીતકુમાર | નિયામક નાગરિક પુરવઠા | વધારાનો હવાલો કમિશનર, મહિલા બાળ વિકાસ |
| આર. જી. ભલારા | અધિક ગ્રામ વિકાસ કમિશનર | અધિક વિકાસ કમિશનર, ગાંધીનગર |

## જિલ્લાની ૪૫ શાળામાં હજુ પણ ૩ કિ.મી. દૂરથી બાળક શિક્ષણ મેળવવા આવે છે

**પ્રવેશોત્સવ દરમ્યાન સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત આ બાળકોને વાહન સુવિધા આપી શિક્ષણના અધિકારથી રક્ષિત કરાય છે**

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર જિલ્લાની ૪૫ શાળાઓમાં ૩ કિ.મી. દૂરથી અભ્યાસ કરવા આવતા બાળકો માટે સરકાર દ્વારા ખાસ વાહન વ્યવસ્થા શાળા હસ્તક આ પ્રવેશોત્સવ દરમ્યાન મુકવામાં આવશે.

સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત આ વાહનસેવા જિલ્લાના બાળકોને આખા વર્ષ માટે આપવામાં આવશે. જિલ્લામાં છેલ્લા બે દિવસના પ્રવેશોત્સવ દરમ્યાન ૩૦ જેટલી શાળાઓને આ વાહનોનો હવાલો સુપ્રત કરી દેવામાં આવ્યો છે.

બાળકોના શિક્ષણના અધિકારને લઈ સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત રાજ્ય કક્ષાએથી આ વાહનો ફાળવવામાં આવે છે. આવુ જ એક વાહન ગાંધીનગર શહેરની બોરીજ શાળાને ગત વર્ષે આપવામાં આવ્યું હતું જે ઉલ્લેખનીય છે.

શિક્ષણના સાર્વત્રિકરણ અને શિક્ષણના બાળકના અધિકારને રક્ષિત


● અનુસંધાન પાન-૭ પર





નાગરિક ધર્મ - લોકશાહી પર્વમાં એકાદ વખત મતદાન કરીને કે સરકારની ભૂલ શોધીને કે માત્ર હક્કની વાતો કરીને નાગરિક ધર્મ બજાવાતો નથી... દેશ માટે, રાજ્ય માટે અને નગર માટે નાગરિક તરીકેની આપણી જવાબદારીઓ છે... સ્વચ્છ નગર રાખવા પ્રત્યેક નાગરિક પવિત્રતા પૂર્વક પોતાનો ધર્મ અદા કરે તો સ્વચ્છતા અભિયાનની જરૂરિયાત જ ન રહે.... આ તસવીર ચાડી ખાય છે કે, મહાનગરપાલિકા દ્વારા મુકાયેલ ડસ્ટબીન કોઈએ મસ્તીમાં ઉલટાવી દેતા કચરો માર્ગ પર ઠલવાયો છે... હજારો નાગરિકોની અવરજવર છતાં કોઈએ નાગરિક ધર્મ બજાવવા માટે ડસ્ટબીન સીધુ કરવાની તસ્દી લીધી નથી... આ તસવીર શરમજનક છે... આવો આપણે સૌ આપણી જવબાદારીઓ અદા કરીએ.... (તસવીર : કશ્યપ નિમાવત)



વરસાદી છાંટણા - શહેરમાં મોડી સાંજે વાદળો ઘેરાયા હતા... સેક્ટર-૧૬ની આસપાસના કેટલાક વિસ્તારોમાં માર્ગો ભીંજાય તેવા છાંટા પણ પડ્યા હતા... પ્રિમોન્સુન એક્ટીવીટીના ભાગરૂપે સતત ત્રીજા દિવસે છૂટાછવાયા છાંટા અનુભવાય છે... (તસવીર : દિપક જાની)

## જિલ્લામાં ૫૦ ટકા બાળકોનું નામાંકન

### ધોરણ-૧માં ૩૭૬૧ અને ધોરણ-૯માં ૩૪૫૪ તેમજ આંગણવાડીમાં ૨૨૯૨ ભુલકાઓને પ્રવેશ અપાયો

ગાંધીનગર, તા. ૧૨

જિલ્લામાં ત્રિદિવસીય શાળા પ્રવેશોત્સવના આજે બીજા દિવસે પ્રાથમિક શાળામાં ધો. ૧ માં ૩૭૬૧ અને ધો. ૯માં ૩૪૫૪ બાળકોએ પ્રવેશ મેળવ્યો છે.

જિલ્લાની ૧૯૧ પ્રા. શાળામાં આજેપ્રવેશોત્સવની ઉજવણી ધામધૂમથી કરવામાં આવી હતી. આજે નામાંકન મેળવનાર બાળકોમાં ૩૨ વિકલાંગ બાળકોનો પણ સમાવેશ થાય છે.

આજે બીજા દિવસે જિલ્લાની વિવિધ આંગણવાડીમાં ૨૨૯૨ ભુલકાંઓએ પ્રવેશ મેળવ્યો હતો. જિલ્લામાં આજે પ્રવેશોત્સવ દરમ્યાન બે લાખનું રોકડમાં દાન તેમજ ૨૩ લાખ રૂ.નું વસ્તુ સ્વરૂપે દાન પ્રા. શાળાઓને મળેલ છે. છેલ્લા બે દિવસમાં જ ૪૯ લાખ કરતાં પણ વધુ રકમ શાળા પ્રવેશોત્સવ દરમ્યાન દાન પેટે મળી છે.

જિલ્લામાં આજે પ્રવેશોત્સવના કાર્યક્રમમાં સાંસદ શ્રીમતિ જયશ્રીબેન પટેલ, જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતિ હીનાબેન પટેલ, જિલ્લા વિકાસ અધિકારી શ્રી ભિમજીયાણી, સનદી અધિકારી શ્રી અનીશ માંકડ, શ્રી સી.વી. સોમ, અધિક મુખ્ય સચિવશ્રી અરવિંદ અગ્રવાલ તેમજ શ્રી મીના જોડાયા હતા.

જિલ્લામાં ત્રિદિવસીય શાળા પ્રવેશોત્સવ દરમ્યાન સર્વેદરમ્યાન શોધી કઢાયેલ પ્રવેશ પાત્ર બાળકોના ૫૦ ટકા બાળકોનું નામાંકન આ બે દિવસમાં સંપન્ન થયું છે. શાળા પ્રવેશોત્સવ દરમ્યાન જિલ્લામાં ગુણવત્તાસભર અને સુવિધાસભર શિક્ષણ પર વિશેષ ભાર આમંત્રિત મહેમાનોએ મુક્યો હતો.

## નાયબ સેક્શન અધિકારી અને નાયબ મામલતદાર માટે જિલ્લામાં ૨૨ હજારથી વધુ પરીક્ષાર્થી

**● જિલ્લાના ૭૭ કેન્દ્રો પર આ પરીક્ષા લેવાશે**
**● પરીક્ષા શરૂ થવાની ૩૦ મિનિટ પહેલા પ્રવેશ અપાશે**

ગાંધીનગર, તા. ૧૨

ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા આગામી ૨૧મીના રોજ યોજાનાર નાયબ સેક્શન અધિકારી અને નાયબ મામલતદારની સ્પર્ધાત્મક પરીક્ષા માટે જિલ્લામાં ૭૭ કેન્દ્રો નિયત કરવામાં આવ્યા છે.

નિવાસી અધિક કલેક્ટર શ્રી વિજય કાલરિયાએ આજે આ અંગેની વિગતો આપતાં જણાવ્યું હતું કે, આ સ્પર્ધાત્મક પરીક્ષા માટે જિલ્લાના ૨૨,૫૩૬ પરીક્ષાર્થીઓ નોંધાયા છે. ૭૭ કેન્દ્રોના ૯૩૯ બ્લોક્સમાં આ પરીક્ષાનું સંચાલન કરવામાં આવશે.

પરીક્ષાના આયોજનની વિગતો આપતાં તેમણે જણાવ્યું હતું કે આ અંગે એક ખાસ કંટ્રોલરૂમ પણ કલેક્ટર કચેરી ખાતે કાર્યરત કરાશે તેમજ પ્રશ્નપત્ર લાવવા અને આપવા માટે ૧૬ જેટલા રૂટ નિયત કરવામાં આવ્યા છે.

તેમણે જણાવ્યું હતું કે આ પરીક્ષા માટે ખાસ સ્ટ્રોંગરૂમની પણ વ્યવસ્થા કરવામાં આવી છે.

આ જાહેર સ્પર્ધાત્મક પરીક્ષા હોવાથી પરીક્ષા શરૂ થવાની ૩૦ મિનિટ્સ પહેલા જ પરીક્ષાર્થીને પ્રવેશ જે તે બ્લોક્સમાં અપાશે. આ પરીક્ષાર્થી પાસે ઓનલાઈન પ્રવેશપત્ર હોવું જરૂરી છે તેમજ જે પરીક્ષાર્થીનો ફોટો ઝાંખો આવ્યો હોય તે પરીક્ષાર્થીએ ઓળખકાર્ડ તેમજ તેના બે પાસપોર્ટ સાઈઝના ફોટા સાથે રાખવાના રહેશે.

તેમણે જણાવ્યું હતું કે આ પરીક્ષાનું સંચાલન જિલ્લા કલેક્ટરશ્રીના માર્ગદર્શન હેઠળ છે. પરીક્ષાના અધિક કોર્ડીનેટર તરીકે એસ.પી. અને અધિક નિવાસી કલેક્ટર રહેશે.

પરીક્ષાનું મોનીટરીંગ સીસીટીવીથી થશે. ઉપરાંત પરીક્ષા કેન્દ્ર ખાતે જાહેર સેવા આયોગના અધિકારી પણ હાજર રહેશે. આ પરીક્ષામાં જિલ્લાના ખાસ સ્કવોર્ડના અધિકારીઓ પણ રહેશે. પરીક્ષા કેન્દ્ર પર ચાંપતો પોલીસ બંદોબસ્ત રહેશે. આ સ્પર્ધાત્મક પરીક્ષાના સમય દરમ્યાન માઈક વગાડવાની મંજૂરી અપાશે નહિ તેમજ ઝેરોક્ષ સેન્ટરો પણ બંધ રહેશે. આ પરીક્ષામાં કોઈપણ પરીક્ષાર્થીને મોબાઈલ કે ઈલેક્ટ્રીક ડીવાઈસ સાથે પ્રવેશ અપાશે નહિ.

શ્રી કાલરિયાએ જણાવ્યું હતું કે પરીક્ષાર્થી એક વખત પરીક્ષા ખંડમાં પ્રવેશ કરશે તે પછી પરીક્ષા પૂર્ણ નહિ થાય ત્યાં સુધી કેન્દ્ર છોડી શકશે નહિ.

આ પરીક્ષાના મદદનીશ કોર્ડીનેટર તરીકે ગાંધીનગર-કલોલના પ્રાંત અધિકારી ઉપરાંત જિલ્લા પુરવઠા અધિકારી શ્રીમતિ નિશા શર્માને નિયુક્ત કરવામાં આવ્યા છે.

## જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ તરીકે સૂર્યસિંહ ડાભી નિમાયા

**સાબરકાંઠામાં ડો. વિપુલ પટેલ, મહેસાણામાં કીર્તિસિંહ ઝાલા, પાટણમાં કાનજી દેસાઈની કરાયેલી નિમણુંક**

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ તરીકે પેથાપુરના યુવા અગ્રણી શ્રી સૂર્યસિંહ ડાભીની વરણી આજે કરવામાં આવી છે.

ગુજરાતના પ્રભારી શ્રી ગુરૂદાસ કામતે આજે આ જાહેરાત એ.આઈ.સી.સી. ખાતેથી કરી હતી જેની જાણકારી આવતા પ્રદેશ મહામંત્રી અને પ્રવક્તા શ્રી નિશીત વ્યાસે જણાવ્યું છે કે ૧૫ જિલ્લાના પ્રમુખો બદલવામાં આવ્યા છે. જેમાં કચ્છ, જુનાગઢ, ભાવનગર, બોટાદ, અમદાવાદ, ગાંધીનગર, પાટણ, મહેસાણા, સાબરકાંઠા, વડોદરા, નવસારી, વલસાડ અને ડાંગનો સમાવેશ થાય છે.

એ.આઈ.સી.સી.એ પ્રદેશ સંગઠ્ઠનમાં પણ ત્રણ વધુ હોદ્દેદારોની નિયુક્તી કરી છે. જેમાં ઉપપ્રમુખ તરીકે અશોક પંજાબી, મહામંત્રી તરીકે નરેન્દ્ર રાવત અને પ્રવક્તા તરીકે પ્રો. ડૉ. કિશોરસિંહ સોલંકીનો સમાવેશ થાય છે.

૨૦૧૨થી ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ પ્રમુખનો વિવાદ હતો. જિલ્લામાં ઈન્ચાર્જ પ્રમુખ અને કાર્યકારી પ્રમુખને લઈ જિલ્લામાં સંગઠ્ઠનને ભારે હાનિ પહોંચી હતી.

પ્રદેશ સંગઠ્ઠનના ફેરફારને પગલે જિલ્લાના સંગઠ્ઠનમાં પણ વ્યાપક ફેરફારો કરાયા છે.

શ્રી સૂર્યસિંહ ડાભી ગાંધીનગર તાલુકા પંચાયતના પ્રમુખ તરીકે, પેથાપુર નગરપાલિકાના સભ્ય તરીકે તેમજ દેના ગ્રામીણ બેંકના ડિરેક્ટર તરીકે સેવાઓ આપી ચુક્યા છે. શ્રી સૂર્યસિંહ ડાભી યુવક કોંગ્રેસમાં સંગઠ્ઠન ક્ષેત્રે કામગીરી કરી ચુક્યા છે. વ્યવસાયે વકીલ શ્રી ડાભીએ જર્નાલિઝમ પણ કર્યુ છે તેમજ જિલ્લા સંગઠ્ઠનમાં પણ વિવિધ હોદ્દાઓ પર સેવા આપી ચુક્યા છે.

પ્રદેશ સમિતિની યાદીમાં જણાવાયા મુજબ મહેસાણા જિલ્લા સમિતિના પ્રમુખ તરીકે શ્રી કીર્તિસિંહ ઝાલા, પાટણમાં શ્રી કાનજીભાઈ દેસાઈ, સાબરકાંઠામાં ડૉ. વિપુલભાઈ પટેલની નિમણુંક કરવામાં આવી છે.

શ્રી ડાભીની જિલ્લા પ્રમુખ તરીકે નિમણુંક થતાં જ કાર્યકરોમાં રાહતની સાથે ખુશીનું મોજુ ફરી વળ્યુ છે.


૧ થી ૩૦ સેક્ટર માટે
આપનું LED TV, LCD TV, Colour TV બગડે તો દુકાને આવવાની જરૂર નથી
ફક્ત ફોન કરો.
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
સેક્ટર-૨૪, ગાંધીનગર
મો. : ૯૪૨૬૨ ૭૦૪૮૧, ૯૭૧૪૧ ૯૮૩૬૬